# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૦૮/૧૧/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

( ડે.સેક્રેટરી )

---

# ચેમ્બર ધ્વારા રોટરી ઈન્ટરનેશનલના પ્રમુખશ્રી કલ્યાણ બેનર્જીનું સન્માન

સુરતઃ સુરતની મુલાકાતે આવેલા રોટરી ઈન્ટરનેશનલના વર્ષ ૨૦૧૧–૧૨ના પ્રમુખશ્રી કલ્યાણભાઈ બેનર્જીનું ચેમ્બર ધ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.ચેમ્બર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ રોટરી ઈન્ટરનેશનલના ઈતિહાસમાં ભારતમાંથી ત્રીજા અને ગુજરાતમાંથી પ્રથમ પ્રમુખ તરીકે પસંદ થવા બદલ શ્રી કલ્યાણભાઈ બેનર્જીને અભિનંદન પાઠવીને તેમને હાર્દિક શુભેચ્છા પાઠવી પુષ્પગુચ્છ તથા સ્મૃતિભેટ અર્પણ કર્યા હતા.

કાર્યક્રમના આરંભે સ્વાગત પ્રવચનમાં ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ કહયું હતું કે,રોટરી કલબ સમાજ ઉપયોગી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી સંસ્થા છે. સુરત શહેર માટે બે અગત્યના પ્રોજેકટ છે જેમાં એક ટ્રાફિક સમસ્યા અંગેનો છે. સુરત શહેરએ ગુજરાતનું મહત્વનુ આર્થિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યુ છે. સુરત શહેરની ટ્રાફિક સમસ્યા ખૂબજ જટિલ છે. ટ્રાફિક વિભાગ અને સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરમાં ટ્રાફિક સિગ્નલો બનાવવામાં આવ્યા છે અને ટ્રાફિક બ્રિગેડ રચીને ટ્રાફિક નિયંત્રણના પ્રયાસો થઈ રહયા છે પરંતુ જો શહેરમાં ટ્રાફિક પોઈન્ટસ ઉપર સી.સી.ટી.વી. કેમેરા મુકવામાં આવે તો ખૂબજ સાનુકુળ પરિસ્થિતી ઉભી થાય અને ટ્રાફીકની સમસ્યા આંશિકરીતે સહજ થઈ શકે.

અન્ય મહત્વનો પ્રોજેકટ કિડની ટ્રાન્સપ્લાન્ટ હોસ્પીટલનો છે. સુરત ગુજરાતમાં ઓર્ગન ડોનેશનમાં અગ્રેસર છે. સુરત ખાતે કિડની ટ્રાન્સપ્લાન્ટની સુવિધા ધરાવતી અદ્યતન હોસ્પીટલ માટે રાજય સરકારે જમીન આપવાની સૈદ્ધાંતિક મંજુરી આપી છે ત્યારે વિશ્વ કક્ષાની અને અત્યંત આધુનિક સુવિધા વાળી ટ્રાન્સપ્લાન્ટ હોસ્પીટલનુ નિર્માણ થાય તે માટે રોટરી કલબનો સહયોગ મળી રહે તો સુરત શહેરની પ્રજાની મોટી સેવા કરેલી ગણાશે. શ્રી કલ્યાણભાઈ બેનર્જી જયારે ભારતમાંથી રોટરી ઈન્ટરનેશનલના પ્રમુખ તરીકે વરાયેલા છે ત્યારે આ બન્ને પ્રોજેકટને વેગ મળશે તેવી આશા હુ સેવું છું.

શ્રી કલ્યાણભાઈએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ચેમ્બર પ્રમુખશ્રી નિલેશભાઈ વી.માંડલેવાળાએ કરેલા સુચનો ધ્યાનમાં રાખી, સુરત શહેરની ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટેના પ્રોજેકટમાં તેમજ શહેરમાં તૈયાર થનારી કિડની ટ્રાન્સપ્લાન્ટ હોસ્પિટલના પ્રોજેકટમાં રોટરી કલબ રસ લઈને સહભાગી થાય એ દિશામાં તેઓ તમામ પ્રયાસો કરશે.